# Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer


30 જુલાઈ, 2021 /7514

પ્રતિ,

**શ્રી રાજેશ મંઝુ, IAS**
ટ્રાન્સપોર્ટ કમિશ્નરશ્રી
ગુજરાત સરકાર
ગાંધીનગર.

**વિષય: ટુરિસ્ટ લક્ઝરી બસોને પડતી કેટલીક તકલીફો બાબતે**

માનનીય સાહેબશ્રી,

અમારા સભ્ય એસોસિએશન ગુજરાત ટુરિસ્ટ વેહીકલ્સ ઓપેરેટર્સ એસોસિએશન તરફથી મળેલ રજુઆત પ્રમાણે ટુરિસ્ટ વાહન ચલાવવામાં પડતી અમુક તકલીફો વિષયે જણાવેલ છે જે આપણી જાણ અને યોગ્ય સકારાત્મક નિર્ણય માટે નીચે મુજબ દર્શાવીએ છીએ:

1. અમદાવાદ શહેર તેમજ ગુજરાત રાજ્યના તમામ દર્શનીય સ્થાનો પાસે પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા કરવા વિનંતી છે જેથી શહેરમાં તથા અન્ય સ્થાનો ઉપર ટ્રાફિકની સમસ્યા દૂર થાય. વધુમાં ટુરિસ્ટ સ્થળો, તીર્થ યાત્રા માટેના સ્થળો, રેલવે સ્ટેશન અને એરપોર્ટમાં ટુરિસ્ટ બસ ચાલકોને પરવાનગી આપવી જોઈએ જેથી તેમને ખોટી કનડગત ન થાય.

2. હાલના સંજોગોમાં કોવિડ મહામારીને કારણે ટુરિસ્ટ બસોના ધંધામાં ખુબ અનિશ્ચિતતા વ્યાપી રહી છે અને ઘણા ટુરિસ્ટ તેમના કાર્યક્રમ છેલ્લી ઘડીએ કેન્સલ કરાવવી રહ્યા છે જેને કારણે ઘણા દિવસોમાં બસોનુ વપરાશ થતું નથી, તેથી હાલના સંજોગોને જોતા માસિક ટેક્સને બદલે દૈનિક ધોરણે તેમજ ખરા વપરાશ મુજબ જ ટેક્સ વસુલવામાં આવો જોઈએ.

3. ટુરિસ્ટ બસો કે જે ધાર્મિક સ્થળોના પ્રવાસો કરાવે છે અને લગ્ન તેમજ અન્ય શુભ પ્રસંગોમાં ઉપયોગમાં લેવાય છે તેવી દરેક ટુરિસ્ટ બસોને અમદાવાદ સહિત અન્ય મોટા શહેરોમાં પ્રવેશ કરવા દેવો જોઈએ જેથી ટુરિસ્ટ બસોને ટ્રાફિક શાખાની સીટી પરમીશન લેવાની જરૂરિયાત ન રહે.

4. ટુરિસ્ટ બસ ઓપેરટેરોને યોગ્ય દરજ્જો આપીને તેમને કાયમી ધોરણે શહેરમાં પ્રવેશ મળે તેવી અલાયદી વ્યવસ્થા કરવી જોઈએ જેથી અન્ય રાજ્યોમાંથી આવતા ટુરીસ્ટો ગુજરાત અને ગુજરાત સરકારશ્રીની સારી વ્યવસ્થાની છાપ લઇને જાય.

5. જે લકઝરી બસો કંપની વેહિકલ પરમિટ પાર ચાલે છે તેમને અન્ય રાજ્યો કરતા વધુ ટેક્સ ભરવો પડે છે જેને કારણે તેમને મોટો નુકશાન થાય છે. તેથી અમારું સૂચન છે કે આવા કિસ્સાઓમાં ત્રિમાસિક/વાર્ષિક ધોરણે ટેક્સ વસૂલવો જોઈએ. વધુમાં 2-2/3-2 કેપેસિટીની બસો


Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 | gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

**Natubhai Patel**
President

**Hemant N. Shah**
Sr. Vice President

**K. I. Patel**
Vice President

**Pathik S. Patwari**
Hon. Secretary

**V. P. Vaishnav**
Hon. Secretary (R)

**Sachin K. Patel**
Hon. Treasurer

માટે સરખા ધોરણો હોવા જોઈએ. તેમને અલગ રંગથી ઓળખાય તેવી વ્યવસ્થા કરી શકાય અને કંપની લેટર પેડ ઉપર કંપનીના લખાણમાં કમિશ્નર કચેરીમાં રજુઆત કરવાથી તેમને ફિક્સ્ડ રૂટની પરમિશન આપવી જોઈએ.

6. ટુરિસ્ટ બસોના ડ્રાઈવરોએ COVID મહામારીના આ સંજોગોમાં તેમની સેવાઓ ચાલુ રાખીને લોકોને તેમના ઘરો સુધી સલામતી સાથે પહોંચાડવામાં ખુબ મદદ કરી છે જેની નોંધ લઇ તેમને ફ્રન્ટલાઈન વર્કર્સનો દરજ્જો આપવો જોઈએ.

7. ઘણા વાહનો જે RTO માં અગાઉ ઘણા સમય પહેલા નોંધાયા છે તે હાલમાં હવે લાંબા સમયથી કાર્યરત નથી પરંતુ RTOના રેકર્ડમાં આવા નોન-ઓપરેશનલ વાહનોને જુદા પાડવાની કોઈ વ્યવસ્થા કે પદ્ધતિ નથી જેના કારણે લક્ઝરી બસોના ઓપેરેટરોને ખુબ મુશ્કેલી અને આર્થિક નુકશાન થાય છે. તેથી અમારું સૂચન છે કે આવી વ્યવસ્થા ટૂંક સમયમાં ઉભી કરવી જોઈએ.

8. RTO અધિકારીઓ અને બસ ઓપરેટરો વચ્ચે સમયાંતરે મિટિંગનું આયોજન કરવું જોઈએ જેથી વહીવટી પ્રશ્નોનું ઉકેલ લાવી શકાય. ટુરિસ્ટ વાહનોને જોઈતી સુવિધાઓ આપી તેને વિલંબ વગર ચાલવા દેવામાં આવશે તો તેથી વધુ ટુરિસ્ટો રાજ્યમાં આવવા પ્રેરાશે અને ટુરિઝમ ઉદ્યોગને વેગ મળશે.

સાહેબશ્રી, અમને આશા છે કે આપશ્રી ઉપરોક્ત જણાવેલ સૂચનોને ધ્યાને લઇ આ અંગે વહેલી તકે સકારાત્મક નિર્ણય લેશો.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**નટુભાઈ પટેલ**
**પ્રમુખ**

**નકલ રવાના:** પ્રમુખ, ગુજરાત ટુરિસ્ટ વેહીકલ્સ ઓપરેટર્સ એસોસિએશન